# ખેલૈયાઓ માટે વરસાદ ફરી વિલન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ સહિત પરાના વિસ્તારોમાં ગુરુવારની સાંજ પછી અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો. રાતના મુંબઈ સહિત અનેક વિસ્તારોમાં મેઘરાજાના આગમનને કારણે ભેજ અને ગરમીના વાતાવરણ વચ્ચે થોડી રાહત થઈ હતી, પરંતુ ખેલૈયાઓ માટે વરસાદ વિલન બન્યો હતો. વેધશાળા અનુસાર અરબી સમુદ્ર પર સાયક્લોનિક સ્થિતિને કારણે બે દિવસથી વરસાદ વરસી રહ્યો છે અને હજુ બેથી ત્રણ દિવસ વરસાદ પડવાની આગાહી છે. મુંબઈમાંથી વરસાદ સામાન્ય રીતે ૮થી ૧૦ ઑક્ટોબરે વિદાય લે છે, પરંતુ આ વર્ષે ૧૩ ઑક્ટોબરે વરસાદ વિદાય લે એવી શક્યતા છે.

ગુરુવારે રાતે નવ વાગ્યાથી ગાજવીજ સાથે વરસાદ પડવાને કારણે વાતાવરણમાં થોડી ઠંડક પ્રસરી હતી. અમુક વિસ્તારોમાં વીજળીના કડાકા સાથે ભારે વરસાદ પડવાને કારણે જનજીવન પર અસર પડી હતી, જ્યારે અમુક વિસ્તારોમાં ભારે વરસાદને કારણે વિઝિબિલિટી ઝાંખી પડી હતી.

ભારે વરસાદને કારણે ગરબા રમનારાઓના રંગમાં પણ ભંગ પડ્યો હતો.

દરમિયાન થાણે, કલ્યાણ અને નવી મુંબઈમાં પણ રાતના સાડા આઠ વાગ્યા પછી પવન ફૂંકાવવાની સાથે ભારે વરસાદ પડ્યો હતો. દરમિયાન સોશિયલ મીડિયા પર પણ યુઝરે વરસાદના ફોટોગ્રાફ અને તસવીરો શૅર કરીને લોકોને વિના કારણ બહાર અવરજવર નહીં કરવાનો અનુરોધ કર્યો હતો, જ્યારે વરસાદને કારણે મુંબઈની લોકલ ટ્રેનની રફતાર પણ ધીમી પડી હતી.

મુંબઈમાં અમુક નીચાણવાળા વિસ્તારોમાં ભારે વરસાદ પડવાથી બિલ્ડિંગોની સાથે રસ્તાઓ પણ પાણી પાણી થયા હતા. અમુક યુઝરે સર રતન ટાટાને મેઘરાજાએ ફેરવેલ આપી હોવાની ટ્વીટ કરી હતી.■

## ઓલા ઈલેક્ટ્રિકને વધુ એક ફટકો!

# કેન્દ્ર સરકારે પાઠવી કારણ બતાવો નોટિસ

મુંબઈ: સ્ટેન્ડ અપ કોમેડિયન કુણાલ કામરા સાથે સોશિયલ મીડિયા પર બબાલ કરવી ઓલા ઇલેક્ટ્રિકના સીઈઓ ભાવીશ અગ્રવાલને ભારે પડી રહ્યું છે. ઓલાના ઇલેક્ટ્રિક સ્કૂટરની સર્વિસમાં લાંબા વિલંબ સામે કસ્ટમર રોષ ઠાલવી રહ્યા છે, ગઈ કાલે કંપનીના શૅરમાં પણ ભારે ઘટાડો નોંધાયો હતો. એવામાં એક અહેવાલ મુજબ સરકારે ઓલાને નોટિસ પાઠવી છે.

એક અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, સેન્ટ્રલ કન્ઝ્યુમર પ્રોટેક્શન ઓથોરિટીએ હજારો ફરિયાદોની નોંધ લીધી છે અને ઓલા ઈલેક્ટ્રિકને કારણ બતાવો નોટિસ ફટકારી છે. ઓલા ઈલેક્ટ્રિકની સર્વિસમાં ખામીઓ અંગે ગ્રાહકોની ફરિયાદોને દૂર કરવા કેન્દ્ર સરકારે આ પગલું ભર્યું છે.

૩જી ઓક્ટોબરના રોજ પાઠવવામાં આવેલી કારણ બતાવો નોટિસમાં જણાવવામાં આવ્યું છે કે ઓલા ઈલેક્ટ્રિક ગ્રાહક સુરક્ષા અધિનિયમ, ૨૦૧૯ની કેટલીક જોગવાઈઓનું ઉલ્લંઘન કરતી હોવાનું જણાય છે.

નોટિસમાં સર્વિસમાં ખામીઓ, ગેરમાર્ગે દોરતી જાહેરાતો, અયોગ્ય ટ્રેડ પ્રેક્ટિસ અને ગ્રાહક અધિકારોના ઉલ્લંઘનનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. કંપનીને નોટિસ મળ્યાના ૧૫ દિવસમાં જવાબ આપવા માટે કહેવામાં આવ્યું છે. ■

# મહાયુતિમાં બેઠકોની વહેંચણીની ફોર્મ્યુલા હજી ફાઇનલ નથી થઇ રહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સત્તાધારી પક્ષ મહાયુતિના ત્રણેય પક્ષની સંયુક્ત બેઠક મુંબઈ ખાતે યોજવામાં આવી હતી, જેમાં બેઠકોની વહેંચણી વિશે મોટી જાહેરાત કરવામાં આવે તેવી અપેક્ષા હતી, પરંતુ હજી સુધી બેઠકોની વહેંચણીનો અંતિમ નિર્ણય લેવામાં ન આવ્યો હોવાનું મહાયુતિના નેતાઓ દ્વારા પત્રકાર પરિષદમાં જણાવવામાં આવ્યું હતું.

જોકે, બેઠકોની વહેંચણી બાબતે જેવા અહેવાલો ફરી રહ્યા છે તેમાં તથ્ય જરાય નથી. અમારામાં કોઇ જ મતભેદ નથી અને અમે લોકો એકસાથે મળીને ચૂંટણી લડીશું, એમ ત્રણેય પક્ષના પ્રતિનિધિઓ પ્રસાદ લાડ, શંભુરાજ દેસાઇ અને આનંદ પરાંજપે દ્વારા જણાવવામાં આવ્યું હતું. અહેવાલોને ફગાવતાં તેમણે કહ્યું હતું કે અમારામાં બેઠકોની વહેંચણીને લઇને ખેંચતાણ નથી થઇ રહી. અમારું લક્ષ્ય હાલ ત્રણેય પક્ષના કાર્યકર્તાઓમાં સમન્વય રહે અને એકસાથે લડી શકીએ એ માટે સમન્વયકો નિમવાનું હતું અને ૨૮૮ બેઠક પર અમે સમન્વયકોની નિમણૂક કરી છે. આ સમન્વયકો ચૂંટણી માટે એકસાથે મળીને ત્રણેય પક્ષ માટે કામ કરશે.

ઉલ્લેખનીય છે કે આ પત્રકાર પરિષદ દરમિયાન મહારાષ્ટ્રની ૨૮૮ બેઠક માટે સમન્વયકોની યાદી પણ બહાર પાડવામાં આવી હતી. ■




# પાટીદાર સહારા સ્ટાર જલસોમાં ખેલૈયાઓને

## ના નડ્યો વરસાદ, ના નડી ટાઈમ લિમિટ

મુંબઈ સમાચાર નવરાત્રિ સ્પેશિયલ



પાટીદાર સહારા સ્ટાર નવરાત્રિ જલસો તરફથી દેશના આદર્શ પુત્ર અને ઉદ્યોગપતિ રતન ટાટાને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

નવરાત્રિના આઠમા દિવસે દેવી મહાગૌરીનું માહાત્મ્ય હોય છે. તેમનો ચંદ્ર જેવો તેજસ્વી રંગ આકર્ષક હોય છે. મહાગૌરી મા ભક્તોની તમામ ઈચ્છાઓ પૂરી કરવાની શક્તિ ધરાવે છે. તેમને નવદુર્ગાનું આઠમું સ્વરૂપ માનવામાં આવે છે. મા મહાગૌરીને ચાર હાથ વડે દર્શાવવામાં આવ્યાં છે. તેઓ સફેદ બળદની ઉપર બેઠેલાં અને હાથમાં ત્રિશૂળ અને ડમરૂ લઇને જોવા મળે છે. નવરાત્રિના આઠમા દિવસે નવરાત્રિ જલસો-૨૦૨૪માં પવિત્રતા, નિર્મળતા અને શાંતિની દેવી મહાગૌરીને ધૂપ, દીપ, પુષ્પ, અગરબત્તી કરીને ગરબાની શરૂઆત કરવામાં આવી હતી. આઠમા દિવસે ગુલાબી વસ્ત્રો પરિધાન કરી આવેલા ખેલૈયાઓને કારણે હૉલમાં ગુલાબી સોડમ પસરી ગઇ હતી. મુંબઈમાં ગુરુવારે વરસાદ વિઘ્ન બન્યો ત્યારે ફક્ત સહારા સ્ટાર નવરાત્રિ જલસોના ખેલૈયાઓ જ ટેન્શન ફ્રી હતા, કારણ કે અહીં ગરબાનું ઇનડોર આયોજન કરાયું છે. વરસાદ, સમય મર્યાદા વગેરે સમસ્યાઓને ધ્યાનમાં રાખીને જ પાટીદાર સ્વજન, શ્રી વિલેપાર્લા પાટીદાર મંડળ દ્વારા આયોજિત સહારા સ્ટાર નવરાત્રિ જલસો-૨૦૨૪ના આયોજકો ભાર્ગવ પટેલ અને જગત કિલ્લાવાલાએ સહારા સ્ટાર જેવી ફાઇવ સ્ટાર હોટેલમાં ગરબાના કાર્યક્રમનું આયોજન કર્યું છે.

નવરાત્રિ જલસો એક વાર એશિયાના સૌથી વિશાળ પીલરલેસ બેન્કવેટ હોલમાં શરૂ કરવામાં આવ્યો ત્યારે ભવ્ય સફળતા પ્રાપ્ત કરશે તેનો અંદાજો નહોતો. પાટીદાર નવરાત્રિ જલસો ૨૦૨૪ સહારા સ્ટારના ફુલ્લી એરકન્ડિશન્ડ બોલરૂમમાં, કારપેટેડ ફ્લોર પર ખેલૈયાઓ આરામથી તેમના પગને થીરકાવી શકે છે. સાજિંદાઓ પણ અત્યાધુનિક વાજિંત્રો સાથે સંગીત પીરસે છે, જેથી ખેલૈયાઓ આરામથી તેનો આનંદ લઇ શકે છે. સમયની મર્યાદા ન હોવાથી મધરાત સુધી તમે ઝૂમી શકો છો. ખેલૈયાઓ જેની ઉત્સુકતાથી રાહ જોઇ રહ્યા છે તે દિવસ આવી ગયો છે. આજે સહારા સ્ટારનો ફાઈનલ રાઉન્ડ છે. આજે 'મુંબઈ સમાચાર'ની મહાસ્પર્ધાનો પણ ફાઈનલ રાઉન્ડ રાતના ૮ વાગ્યાથી શરૂ થશે અને આ રાઉન્ડ પોણો કલાક ચાલશે. ગરબામાં સારું પર્ફોર્મ કરનારા ખેલૈયાઓ પર કરાશે ઇનામોની વર્ષા. તો તમે તૈયાર છોને... ■



ભાર્ગવભાઇ, રિનીબેન પટેલ અને જગતભાઇ, ચારુબેન કિલ્લાવાલાના હસ્તે અમરિષભાઇ અને જયશ્રીબેન પટેલનું સન્માન કરવામાં આવ્યું હતું.

### પાટીદાર સહારા સ્ટાર નવરાત્રી જલસો-૨૦૨૪ના સુપરડુપર સફળતાનું શું કારણ છે? એનું અમે વિશ્લેષણ કર્યું ત્યારે અમને આ કારણો જણાયા

★ અહીંના કૌશલ મ્યુઝિશિયન્સ ખૂબ સારી રીતે ટ્રેડિશનલ વાજિંત્રો જેમ કે બેન્જો, ઢોલ, શરણાઈ, તબલા મોડર્ન વાજિંત્રો સાથે બ્લેન્ડ કરીને ધૂનો વગાડે છે. એમનો જોશ અને ટેલેન્ટ અદ્ભૂત છે અને એ જોવાની ખૂબ મજા આવે છે.

★ લોકગીતોનું સિલેકશન પણ એક મહત્ત્વનું કારણ છે. જૂના પણ પ્રખ્યાત અને જાણીતા ગરબા, લોકગીતો, ભજન, અભંગોનો ખજાનો શોધીને લાવ્યા હોવાથી, ખેલૈયાઓને સાથે ગાવાની ખુબજ મજા આવે છે. એમા છીછરા કે બોલીવુડ ગીતો બિલકુલ નથી લીધા.

★ તે ઉપરાંત ઉત્તમ ગાયકી ધરાવતી મનીષા સાવલા, આરતી વારા, સ્વપનિલમિસ્ત્રી અને પ્રશાંત શાહ ટોપ ફોરમમાં પોતાની ગાયકીથી ધૂમ મચાવે છે

★ એર કન્ડિશન એટલે વાતાનુકૂલિત વાતાવરણ મા, વરસાદના ભય વગર, કાર્પેટવાળા ફ્લોરિંગ પર ગરબા રમવાની મજાજ કંઇક ઔર છે.

★ ખેલૈયાઓની પેટપૂજા માટે પણ ખૂબ સરસ વાનગીઓ-ચાટની વ્યવસ્થા કરવામાં આવી છે

★ વોલે પાર્કિંગની સુવિધા અને સિક્યોરિટીની અમેન્જમેન્ટ પણ એક મહત્ત્વનું કારણ છે

★ લોકેશનની દૃષ્ટિથી પણ આ સ્થળ યોગ્ય હોવાથી લોકોને સુવિધાજનક અને સરળ લાગે છે.

# પ્રેરણા રાસે સિદ્ધ કર્યું છે કે નવરાત્રી એ ધાર્મિક તહેવારની સાથે સાથે સામાજિક ઉત્સવ પણ છે

મુંબઈ સમાચાર નવરાત્રિ સ્પેશિયલ



ભારત દેશનું અણમોલ ઘરેણું કહી શકાય એવા પદ્મવિભૂષણ રતન ટાટાના નિધન બાદ ગઈકાલે પણ પ્રેરણા રાસની શરૂઆત કરતાં પહેલાં ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ બાબતે પ્રેરણા રાસના માર્ગદર્શક મનોજ કોટકે જણાવ્યું કે, ''ભારત દેશના વિકાસમાં સ્વર્ગસ્થ રતન ટાટાનું અમૂલ્ય યોગદાન હતું, જે દાયકાઓના દાયકાઓ સુધી યાદ રખાશે. તેમની સમાજના જરૂરિયાતમંદ લોકોને મદદરૂપ થવાની ભાવના અતુલ્ય હતી, જેને કારણે અનેકોના જીવનમાં સુખદ બદલાવ આવ્યા છે.''



સમગ્ર સૃષ્ટિની ઉત્પત્તિ પુરુષ અને પ્રકૃતિ દ્વારા થઈ છે. આ પ્રકૃતિ એટલે સ્ત્રીતત્ત્વ જેને આપણે આદ્યશક્તિ કહીએ છીએ. નવરાત્રી એ આદ્યશક્તિની આરાધનાનો પર્વ છે અને ભારત દેશમાં કાશ્મીરથી કન્યાકુમારી સુધી અને કચ્છથી કલકત્તા સુધી નવરાત્રિને વિવિધ નામે ઉજવવામાં આવે છે. મૂળ તો ધર્મના આધારે સામાજિક સમરસતા વધે, પરસ્પર વિશ્વાસની ભાવના પ્રબળ થાય અને નવી પેઢીમાં પણ એકતાની ભાવના વધુ મજબૂત કરવા માટે નવરાત્રિની ઉજવણી કરવામાં આવે છે.

ગઈકાલે પ્રેરણા રાસમાં સામાજિક સમરસતાનું ઉત્તમ અને આદર્શ ઉદાહરણ સ્થાપિત કરવામાં આવ્યું. જ્યારે ગુજરાતી ગરબાઓની સાથે સાથે કચ્છી લોકગીતો અને મરાઠી સંસ્કૃતિ સાથે સંકળાયેલું લેઝીમ સંગીત ને પ્રસ્તુત કરવામાં આવ્યું. અત્રે ઉલ્લેખનીય છે કે મનોજ કોટકના નેતૃત્વ હેઠળ છેલ્લા ૧૭ વર્ષોથી આયોજિત પ્રેરણા રાસમાં દર વર્ષે કચ્છી અને ગુજરાતી ગીત સંગીતની સાથે સાથે હિંદી, મરાઠી, પંજાબી, સિંધી જેવા વિવિધ પ્રાંતના લોકગીતો દ્વારા એકતાનો સંદેશો પારીત કરવામાં આવે છે.

ગઈકાલે પણ વરસતાં વરસાદમાં ખેલૈયાઓનો જોશ અકબંધ રહ્યો હતો. તેમના ઉત્સાહ અને ઉમંગને જાળવી રાખતા સંગીતની દુનિયામાં ''એમજે'' નામથી પ્રસિદ્ધ એવા વર્સેટાઈલ સિંગર મનિષ જોશી પોતાની સુમધુર ગાયકીના સુર રેલાવ્યા હતા, જ્યારે તેમના બેન્ડ ''સુર ધ સોલ'' ના વાદ્ય વૃંદકારો સંગીતના સૂર રેલાવ્યા હતા. તેમની સાથે સાથે અષાઢી ગાયક નીરવ બારોટ, કોકિલ કંઠી ગાયિકા અર્પિતા ઠક્કર, કચ્છી કોયલ શ્રુતિ કલ્યાણી અને મખમલી અવાજના ધણી રાહુલ પુરેચાએ પણ તેમના સુમધુર અવાજમાં ધમાલ મચાવી હતી. ■

### પ્રેરણા રાસ ૨૦૨૪ ઓન સોશ્યલ મીડિયા

ઈન્સ્ટાગ્રામ: https://www.instagram.com/prernaraasnavratri
ફેસબુક: https://www.facebook.com/PrernaRaasNavratri

**પ્રેરણા રાસ ૨૦૨૪નો ઘર બેઠા લાઈવ આનંદ માણો**

* Prerna Events યુટ્યુબ ચેનલ
https://youtube.com/prernaevents

**તે ઉપરાંત...**

* Hathway Cable Channel No. 871, * In Cable Channel No. 992, * Home Cable Channel No. 985

ગઈકાલે પ્રેરણા રાસમાં ધન્ય ધન્ય છે કચ્છની ધરતી... હે રંગલો જામ્યો કાલિંદી ને.... મોર બની થનગાટ કરે...રંગ ભીની રાધાને લઈ બેઠી બાધા... ગજીયો મુજો... જેવા ગરબાઓ અને કચ્છી ગુજરાતી લોકગીતો પર ખેલૈયાઓ થીરકતા જોવા મળ્યા હતા.

*****

ગઈકાલે વરસતાં વરસાદમાં પણ MJ ફેમ મનિષ જોષીના બેન્ડ ''સૂર ધ સોલ'' ના મ્યુઝીશિયનોએ ખેલૈયાઓનો જોશ અકબંધ રાખ્યો હતો.